પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૧૦ | ૩૦ જુન, ૨૦૧૭, શુક્રવાર ; અષાઢ સુદ - ૭ | પાનાં - ૧૦ કિંમત રૂ. ૧.૮૦





મોદીનો મેગા રોડ-શૉ : વિધાનસભાની ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે ત્યારે માહોલ જમાવવા સુરત બાદ રાજકોટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો મેગા રોડ-શૉ યોજાયો હતો... વરસાદના વિઘ્ન વચ્ચે પણ હજ્જારો પ્રજાજનો અને કાર્યકરો બે-બે કલાક સુધી રાહ જોઈ કતારબંધ ઉભા હતા... ૯ કિ.મી.ના રોડ-શૉમાં વરસતા વરસાદ વચ્ચે પણ પ્રધાનમંત્રીએ પ્રજાનું અભિવાદન જીલ્યું હતું...

## વરસાદ વચ્ચે પણ મોદીના રોડ શોમાં માનવ મહેરામણ

**આજી ડેમ કાર્યક્રમ બાદ મોદીનો રોડશો યોજાયો : પાણીની કિંમત સૌરાષ્ટ્ર અને કચ્છના લોકો ખુબ સારીરીતે જાણે છે :વડાપ્રધાન મોદીનું આજી ડેમ પર લોકોને સંબોધન**

અમદાવાદ, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની ગુજરાત યાત્રાના પ્રથમ દિવસે અમદાવાદ પહોંચ્યા બાદ ઐતિહાસિક ગાંધી આશ્રમમાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા બાદ સીધા રાજકોટ પહોંચ્યા હતા જ્યાં મોદીના જુદા જુદા કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા. મોડી સાંજે વરસાદી માહોલમાં મોદીએ રોડ શો યોજ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો વરસાદ હોવા છતાં ઉપસ્થિત રહ્યા હતા. દેશના વડાપ્રધાન બન્યા બાદ મોદી પ્રથમ વખત રાજકોટ પહોંચ્યા હતા. એરપોર્ટ પર તેમની વરસાદમાં દબદબાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. વિમાની મથકથી તેઓ સીધા રેસકોર્સ મેદાન ખાતે પહોંચ્યા હતા જ્યારે દિવ્યાંગોના કાર્યક્રમમાં હાજરી આપી હતી અને સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. દિવ્યાંગોના કાર્યક્રમમાં મોદીએ કહ્યું હતું કે, મારી રાજનીતિની શરૂઆત રાજકોટથી થઈ હતી. અહીંનો પ્રેમ હું ક્યારેય નહી ભુલુ. રાજકોટનું સ્થાન મારા જીવનમાં ખાસ



છે. રાજકોટે ચૂંટીને મને ન મોકલ્યો હોત તો આજે દિલ્હીમાં ન હોત. મારી રાજનીતિનો પ્રારંભ રાજકોટના પ્રેમ અને આશીર્વાદથી થયો હતો. દિવ્યાંગોની જવાબદારી માત્ર પરિવારની નથી. એટલે સરકાર દિવ્યાંગો માટે કામ કરી રહી છે અને જવાબદારી નિભાવી રહી છે. પોતાના ભાષણમાં મોદીએ એમ પણ કહ્યું હતું કે, દિવ્યાંગો માટે સરકાર સંવેદનશીલ છે. દિવ્યાંગો માટેના માત્ર હજુ સુધી ૫૫ કાર્યક્રમ થયા છે જ્યારે અમારી સરકારના ગાળામાં ત્રણ જ વર્ષમાં ૫૫૦૦ કાર્યક્રમ થઈ ચુક્યા છે. દિવ્યાંગોને ધ્યાનમાં રાખીને વિશેષ પ્રકારના ટોઈલેટ બનાવવામાં આવી રહ્યા છે. મોદીએ દિવ્યાંગોના કાર્યક્રમ ઉપરાંત મોડી સાંજે આજી ડેમ પહોચ્યા હતા. આજી ડેમમાં ગુલાબના ફુલ અને ચૂંદડી ડેમમાં અર્પણ કરીને નર્મદા નીરને વધાવ્યા હતા. થોડાક સમય સુધી ત્યાં રોકાયા બાદ સભા સ્થળે પહોંચ્યા હતા. જ્યાં જાહેર સભાને સંબોધતા મોદીએ પાણી ઉપર વિશેષ ભાર મુક્યો હતો.

તેમણે કહ્યું હતું કે, નર્મદાનું આજીમાં અવતરણ થયું છે ત્યારે સૌરાષ્ટ્ર કચ્છના લોકો પાસે પાણી બચાવવા માટેની અપેક્ષા તેઓ રાખે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના લોકો પાણીના મહત્વને ખુબ સારી રીતે સમજે છે.મોદીએ એમ પણ કહ્યું હતું કે, ખેડૂતોના ઉપયોગી સાધનો બનાવવાની તાકાત રાજકોટના એન્જિનિયરો પાસે જ છે. રાજકોટ સાથેના તેમના સ્મરણો યાદ કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, ૨૦૦૧માં મુખ્યમંત્રી તરીકેની જવાબદારી મળી ત્યારે આજી ડેમ ભરાયો હતો.

# પીવાના પાણીની સમસ્યા ભુતકાળ બનશે

**રાજકોટના આજી ડેમમાં 'મા નર્મદા'ના વધામણા કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી : આજી ડેમ નર્મદાના નીરથી ભરાતાં રાજકોટના આજી ડેમમાં નર્મદાના નીર લાવવાનું ભગીરથ કાર્ય સંપન્ન**

રાજકોટ, તા.૨૯

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટ ખાતે આવીને સૌની યોજના અંતર્ગત આજી ડેમમાં નર્મદાના નીર લાવવાના ભગીરથ કાર્ય પૂર્ણ કરી નર્મદાના નીરના વધામણા કરી લોકાર્પણ કર્યુ હતું. શ્રી મોદીએ પુષ્પ અને શ્રીફળ અર્પણ કરી મા નર્મદાનું સ્વાગત કર્યુ હતું.

રાજકોટનાં શહેરીજનોનું વર્ષો જુનું સ્વપ્ન રાજય સરકારે સાકાર કરી પ્રજા પ્રત્યેની પોતાની સંવેદનશીલતાની પ્રતીતિ કરાવી છે. આજી ડેમ નર્મદાના નીરથી સંપૂર્ણ ભરાતા રાજકોટ શહેરની વસતીને પીવાનું પાણી મળશે જેથી પીવાના પાણીની સમસ્યા ભુતકાળ બની જશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, રાજકોટના સંસદસભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા, મેયરશ્રી જૈમનભાઈ ઉપાધ્યાય, સિંચાઈ વિભાગના સચિવ શ્રી એમ.કે.જાદવ સહિતના સિંચાઈ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**શું તમને સાંભળવામાં તકલીફ છે ?**

ઇદ નિમિત્તે સ્પે. ઓફર

સુવિધાઓ
- કાનનાં ડીજીટલ મશીન ઉપર આકર્ષક ડિસ્કાઉન્ટ
- ડીજીટલ મશીન સરળ માસિક હપ્તા (EMI*) થી મેળવો.
- Exchange / Upgrade* સુવિધા
- ડીજીટલ મશીન ઉપર વિમો (Insurance*)ની સુવિધા ઉપલબ્ધ

* Condition Apply.

પેન્શનરો માટે રી-એમ્બર્સમેન્ટની સુવિધા ઉપલબ્ધ

**શ્રધ્ધા સ્પીચ એન્ડ હીયરીંગ ક્લીનીક**

SIEMENS

ઓફીસ નં. ૨૦૨-સી, બીજો માળ, અભિષેક બિલ્ડીંગ, સેક્ટર-૧૧, હોટલ હવેલી સામે, ગાંધીનગર.
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક : 9537515017

www.hearingaidsahmedabad.com Email : sunilpaikray@yahoo.com

Our Branches : Ashram Road, Maninagar, Anand, Modasa, Rajkot, Bhuj (Guj.), Mumbai

# રાજકોટમાં સર્જાયો દિવાળી જેવો માહોલ

**આજીડેમ ખાતેનાં સમારોહમાં જનમેદનીમાં દેખાયો અદમ્ય ઉત્સાહ**

રાજકોટ, તા.૨૯

રાજકોટમાં આજે શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા પછી પ્રથમ વખત આવ્યા અને તેની સાથે નર્મદાનીરનાં વધામણા અને મેઘરાજાએ મહેર કરતા રાજકોટમાં જાણે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. આજીડેમ ખાતેનાં સમારોહમાં હજારો લોકોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો. રાજકોટનાં પાણીનાં પ્રશ્નનાં કાયમી ઉકેલ રૂપે સૌની યોજનાં અંતર્ગત આજીડેમમાં નર્મદાનાં નીરનાં વધામણા અને નર્મદાનીર આધારિત બહુહેતુક મુલ્યોનું લોકાર્પણ કરવા પધારેલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા અને તેમનાં વક્તવ્યને સાંભળવા આજી-૧ ડેમ મેદાન ખાતેનાં સમારોહમાં રાજકોટ સહિત જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.



